# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

કોરોના વેક્સીનનો ડોઝ લેવા બાબત

-:: <u>પરિપત્ર</u> ::-

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને જણાવવાનું કે અત્રેની કચેરી દ્વારા કોરોના વેક્સીનને લગતી મંગાવવામાં આવેલ માહિતી અનુસાર ધ્યાન પર આવેલ છે કે ઘણાં કર્મચારીઓ/વિદ્યાર્થીઓ દ્વારા હજુ પણ કોરોના વેક્સીનનો પ્રથમ/બીજો અથવા બન્ને ડોઝ મુકાવેલ નથી. તો માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને જણાવવાનું કે આપની કચેરી ખાતે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, રોજમદાર, ખેતમજૂરો તેમજ સ્નાતક/અનુસ્નાતક/પોલીટેક્નીક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કોરોના વેક્સીનનો પ્રથમ/બીજો ડોઝ અથવા બન્ને ડોઝ લીધા નાં હોય તેઓએ કોરોના વેક્સીનના બંન્ને ડોઝ મુકાવ્યાનું આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

જા.નં. આકૃયુ/વિક/ ૧૯૦૭ /૨૦૨૨
તા:૦૭/૦૧/૨૦૨૨

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.
૨. કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ જાણ સારૂ.
૨. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.
૩. આચાર્ય/ડીનશ્રી, તમામ કોલેજ/પોલીટેક્નીક તરફ જાણ તથા અમલ થવા સારૂ.
૪. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારી તરફ જાણ તથા અમલ થવા સારૂ.